| | |
|---|---|
| GUJARAT POLICE | પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.<br>શાહીબાગ, અમદાવાદ<br>વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦<br>**Email:Spl1-ahd@gujarat.gov.in** |

# :જાહેરનામું:

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક:વિ.શા./એ સેકશન/ડ્રોન/જાહેરનામું/ ૨૨ /૨૦૨૩ તા-૦૬/03/૨૦૨૩

પોલીસ મહાનિરીક્ષકશ્રી સ્ટેટ ઇન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓના પત્રક્રમાંક જી.-૨ / ડ્રોન / કામગીરી / ૭૮૯ / ૨૦૨૧ તા:૦૧/૧૧/૨૦૨૧ અન્વયે અત્રેના અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ ક્રિટિકલ અને સ્ટ્રેટેજીક મહત્વ ધરાવતા ઇન્સ્ટોલેશનને રેડ, યલો ઝોન કે ગ્રીનઝોનમાં વિભાજીત કરેલા જેને એપ્રૂવ કરેલાની માહિતી અત્રે મોકલેલ છે. અત્રેના અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ વાઇટલ ઇન્સ્ટોલેશન, એરપોર્ટ, આર્મી કેન્ટોનમેન્ટ વી.આઇ.પી / વી.વી.આઇ.પી. રહેઠાણ અગત્યના પાવર સ્ટેશનો, મેટ્રો રેલ્વે, ઇન્ડસ્ટ્રીયલ એકમો, બ્રીજ તેમજ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઇલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ સંચાલીત માઇક્રોલાઇટ એરક્રાફટ કે પેરાગ્લાઇડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઇને અમદાવાદ શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા અમદાવાદ શહેરના અત્રેની કચેરીના રેકર્ડ ઉપર સમાવિષ્ટ કરેલ રેડ ઝોન- કુલ: ૩૭ અને યલ્લો ઝોન કુલ: ૧૬૫ મળી કુલ: ૨૦૨ ઝોનના વિસ્તારોને અત્રેની કચેરીથી રીમોટલી પાઇલોટેડ એરક્રાફ્ટ સીસ્ટમ ( RPAS ) DRONE–UAV અંગેની ડાયરેક્ટર જનરલ સિવિલ એવિએશન, ભારત સરકારનાઓની ગાઇડલાઇન મુજબ DRONE–UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં કોઇપણ સમયે DRONE –UAV ઉડાડવા માટે લાગતા વળગતા અરજદાર / ઓપરેટરશ્રીએ સંબંધિત કચેરી, વિભાગ તથા ડીજીસ્કાય એપ (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલી વિગતે પરવાનગી લઇ DRONE –UAV ઉડાડવાની કાર્યવાહી કરવાની રહેશે તથા DRONE –UAV ઉડાડવા માટેની પ્રવર્તમાન સમયમાં સિવિલ એવિએશનની ગાઇડલાઇન ધ્યાને લેતા DRONE–UAV ના ઓપરેટર / સંચાલકશ્રી એ સંબંધિત વિભાગની પરવાનગી લેવાની રહેશે.( જેમાં મુખ્યત્વે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડીયા તથા રેડ / યલ્લો ઝોનના વિસ્તાર માટે મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, ભારત સરકારશ્રી તથા મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન, ભારત સરકારશ્રીની પરવાનગી લેવાની રહેશે.)

::હુકમ ::

વાસ્તે, હું સંજય શ્રીવાસ્તવ ( આઇ.પી.એસ. ) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે તથા ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના

તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ, અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવુ છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં U.A.V (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઇલ, હેલિકોપ્ટર, રીમોટ કંટ્રોલ સંચાલીત માઇક્રોલાઇટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઇડર ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે. તેના માલિકે આ U.A.V (Unmanned Aerial Vehicle)ની સંપૂર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે DGCA (DIRECTOR GENERAL CIVIL AVIATION ) DGSKY એપ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે અને જરૂરી વિગતો અપલોડ કરવાની રહેશે અને એરપોર્ટના ત્રણ કિલોમીટરના પરીઘમાં તેમજ વાઇટલ ઇન્સ્ટોલેશનના બે કિલોમીટરના પરીઘમાં, "નો U.A.V ( Unmanned Aerial Vehicle ) ફ્લાય ઝોન " જાહેર કરૂ છુ. તેમજ નેનો ડ્રોન એટલે કે ૨૫૦ ગ્રામ અથવા ૨૫૦ ગ્રામ કરતા ઓછા વજનના ડ્રોન સિવાયના U.A.V ( Unmanned Aerial Vehicle )નો ઉપયોગ કરતાં પહેલા અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઇન્ચાર્જશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે. તેમજ ડ્રોન કે અન્ય U.A.V (Unmanned Aerial Vehicle ) સંસાધન કોઇને ભાડે આપવામાં આવે તેની જાણ અગાઉથી ભાડે આપતા પહેલા નજીકના પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને કરવાની રહેશે.

પ્રવર્તમાન સ્થિતીને અનુસંધાને અમદાવાદ શહેરની સુરક્ષાની બાબત ધ્યાને લેતા આ જણાવેલ વિગતોનુ કોઇપણ વ્યક્તિ / અરજદાર / એજન્સી ઉલ્લંઘન કરતા જણાઇ આવશે તો તેઓ વિરૂધ્ધ IPC 188 કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**: અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૭/ ૦૩ /૨૦૨૩ ના કલાક:-૦૦/૦૦ થી તા. ૦૫ / ૦૫/ ૨૦૨૩ ના કલાક:-૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**: પ્રતિબંધિત વિસ્તાર :**

**પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર**

**: અપવાદ :**

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઇક્રો લાઇટ એરક્રાફ્ટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે .

**:: શિક્ષા::**

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને.-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -: જાહેર વિજ્ઞાપન-:

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના

તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૬/૦૩/૨૦૨૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેક્ટર-૨ અમદાવાદ શહેર.
(૧૭) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧, ક્રાઈમ બ્રાંચ, અમદાવાદ શહેર.
(૧૮) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૯) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે), અમદાવાદ રીજીયન અમદાવાદ.
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૨) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૩) તમામ પોલીસ ઈન્સપેક્ટરશ્રી,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (**C.P. Ahmedabad website** )ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)